D\SCHEDULED-2016\PG Exam Form Online_April-2016.pmd.
**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬,**
**ટેલિગ્રામ : યુનિગુજરાત**
**ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)**

# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૪-અ/૬૫૫૧૭/૨૦૧૬**

**પરિપત્ર નં. : ૨૧**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૨૨-૦૨-૨૦૧૬**

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ તથા સાયન્સ વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓને, ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, આગામી માર્ચ-એપ્રિલ-મે-૨૦૧૬ માસમાં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓના આવેદનપત્રો નીચે દર્શાવેલ તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે.

**યુનિવર્સિટીમાં ફોર્મ મોકલવાની તારીખ (M.A., M.Com. અને M.Sc. માટે)**

| પરીક્ષા | નિયત ફી સાથે વિદ્યાર્થી પાસેથી કૉલેજે સ્વીકારવાની છેલ્લી તારીખ | નિયત ફી સાથે કૉલેજે યુનિવર્સિટીમાં મોકલવાની છેલ્લી તારીખ | લેઈટ ફી રૂ. ૧૦/- સાથે છેલ્લી તારીખ |
|---|---|---|---|
| સેમેસ્ટર-૨ | ૫-૦૩-૨૦૧૬ | ૯-૩-૨૦૧૬ | ૧૧-૦૩-૨૦૧૬ |
| સેમેસ્ટર-૪ | ૫-૦૩-૨૦૧૬ | ૯-૩-૨૦૧૬ | ૧૧-૦૩-૨૦૧૬ |

**ઉપરોક્ત તારીખ મુજબ નીચેની પરીક્ષાઓના ફીનું ધોરણ રેગ્યુલર, રીપીટર માટે નીચે મુજબ રહેશે : પરીક્ષાની Online એન્ટ્રી કરવાની છે.**

| | પરીક્ષા ફી | ફોર્મ ફી | કુલ ફી |
|---|---|---|---|
| (૧) એમ.એ. સેમેસ્ટર-૨ અને ૪ (રેગ્યુલર-રીપીટર) | રૂ. ૫૦૦/- | ૨૫/- | ૫૨૫/- |
| (૨) એમ.કૉમ. સેમેસ્ટર-૨ અને ૪ (રેગ્યુલર-રીપીટર) | રૂ. ૫૦૦/- | ૨૫/- | ૫૨૫/- |
| (૩) એમ.એસસી. સેમેસ્ટર-૨ અને ૪ (રેગ્યુલર-રીપીટર) | રૂ. ૫૦૦/- | ૨૫/- | ૫૨૫/- |

૧. ઉપરોક્ત પરીક્ષાઓના ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીઓ પાસે ભરાવવાના રહેશે.

૨. પરીક્ષા ફોર્મની Online એન્ટ્રી કરી ફોર્મ તેમજ પ્રિન્ટ આઉટની બે નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં નિયત તારીખમાં જમા કરાવવાની રહેશે.

૩. પરીક્ષા આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે.

૪. યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

૫. અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, રજિસ્ટ્રેશન નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

૬. એમ.એ., એમ.કૉમ., એમ.એસસી. સેમેસ્ટર-૪નાં વિદ્યાર્થીઓ પાસેથી પદવી પ્રમાણપત્રની ફી પેટે રૂ. ૨૬૦/- લેવાના રહેશે. જે પરીક્ષા ફી સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.

***[P.T.O.***

૭. યુનિવર્સિટી સ્પોર્ટસ્ ફી તથા કલ્ચરલ ફી પરીક્ષા ફી સાથે ભરવાની રહેશે અન્યથા પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**૮. કૉલેજો, વિભાગો કે અનુસ્નાતક કેન્દ્રોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને સીધા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ સોંપી મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**

૯. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ચેકથી કે પે-ઓર્ડરથી નજીકની એચ.ડી.એફ.સી. (HDFC) બેન્કમાં નિયત તારીખ સુધીમાં જમા કરાવવાની રહેશે. ચેક મારફતે પેમેન્ટ નિયત તારીખથી એક દિવસ અગાઉ જમા કરાવવાનું રહેશે.

૧૦. એચ.ડી.એફ.સી. (HDFC) નિયત કરેલ બ્રાન્ચની યાદી સામેલ છે. તેમજ વેબસાઈટ પર મુકેલ છે.

૧૧. ડી.ડી.નું કમિશન બાદ આપવામાં આવશે નહીં. કોઈપણ કારણોસર ચેક બાઉન્સ થાય તો તે રૂ. ૨,૦૦૦/- લેખે દંડ લેવામાં આવશે.

૧૨. (HDFC) બેન્કમાં ચલણની ચાર કોપી લઈ જવાની રહેશે. જે પૈકી એક કોપી બેન્કને, એક કોપી કૉલેજને, એક કોપી યુનિવર્સિટી એકાઉન્ટ તથા એક કોપી પરીક્ષા વિભાગ ખાતે જમા કરાવવાની રહેશે.

૧૩. દરેક સેમેસ્ટરમાં કોર્સ દીઠ ચલણ અલગ અલગ ભરવાના રહેશે.

કા. પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન તથા કાયદા વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ
(૨) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ,
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ,
(૪) તમામ વિભાગીય અધિકારીઓ તરફ,
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ,
(૬) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર,
(૭) ઈન્ફોર્મેશન સેન્ટર, ગુજ. યુનિ. અમદાવાદ-૯.